# ॥ સેવા પૂજા ॥



॥ શ્રી નિજાનંદ સંપ્રદાય ॥

# સેવા પૂજા

## પતિવ્રતા સાધન

પ્રકાશક

**શ્રી નિજાનંદ આશ્રમ**

લક્ષ્મી સ્ટુડીઓની બાજુમાં, આજવા-નિમેટા ચોકડી,

ને.હા.નં. ૮, બાયપાસ, પો.સયાજીપુરા,

વડોદરા - ૩૯૦૦૧૯. મો.૯૫૫૮૮ ૦૦૧૨૪, ૯૮૯૮૦ ૦૦૧૬૮

# અનુક્રમણિકા


| ક્રમ નં. | | પાના નં. |
|---|---|---|
| ૧. | ભૂમિકા | ૦૧ |
| ૨. | શ્રી સુંદરસાથ જીવન રહેણી | ૦૪ |
| ૩. | શ્રી તારતમ | ૦૮ |
| ૪. | શ્રી નિજાનંદ સંપ્રદાય પધ્ધતિ | ૧૦ |
| ૫. | (સેવાપૂજા - પ્રભાત) પ્રથમ લાગૂં દોઊં ચરન કો | ૧૧ |
| ૬. | વંદના - વંદૌ સતગુરુ ચરન કો | ૧૨ |
| ૭. | પ્રભાતી | ૧૨ |
| | આવોજી વાલા | ૧૩ |
| | ઉઠો રે પ્યારે પિયા | ૧૩ |
| | જાગિયે શ્રી પ્રાણનાથ | ૧૪ |
| ૮. | ઉઠાપન - રૈનિ કી ઉનીદી શ્યામા પિઉ પાસે આઈયાં | ૧૪ |
| ૯. | ઝીલના - મારા વાલાજી ચલો | ૧૫ |
| ૧૦. | સ્તુતિ - પૂરણ બ્રહ્મ બ્રહ્મસે ન્યારે | ૧૬ |
| ૧૧. | ચંદન ચઢાવની - ચાલો સખી શ્રી સુંદરવરજી | ૧૭ |
| ૧૨. | મંગલા આરતી - સુખ કો નિધાન | ૧૮ |
| ૧૩. | પરિક્રમા | ૧૯ |
| | રવિવાર - જુગલ સ્વરુપ રુપ છબિ | ૧૯ |
| | સોમવાર - પૂરણબ્રહ્મ સચ્ચિદાનંદ રુપ | ૧૯ |
| | મંગળવાર - ધામ ધની શ્રી રાજ હમારે | ૧૯ |
| | બુધવાર - પરમ સુભગ આનંદ ગુણ ગાઈએ | ૨૦ |
| | ગુરુવાર - ધામ શ્યામ શ્યામા સંગ પ્યારી | ૨૦ |
| | શુક્રવાર - પ્રથમ ભોમ શોભા અતિ ભારી | ૨૦ |
| | શનિવાર - મૂલ સ્વરુપ કિશોર કિશોરી | ૨૦ |
| ૧૪. | પ્રાતઃ કાલનું સ્વરુપ | ૨૧ |
| ૧૫. | અરજી - નિસદિન ગ્રહિએ પ્રેમ સોં | ૨૨ |
| ૧૬. | અરજી - પિયાજી તુમહો તૈસી કીજિઓ | ૨૩ |

..................... ૨૫
૧૭. ભોગ - તીજી ભોમ કી જો પડસાલ ..................... ૨૭
૧૮. અચવન - અચવન કીજે કૃપા નિધાન ..................... ૨૭
૧૯. પાનબીડી - આરોગ્યા રસ રુપ યુગલ ધની ..................... ૨૮
૨૦. દાહિની તરફ દૂજા જો મંદિર ..................... ૨૯
૨૧. શ્રી નિજાનંદ સંપ્રદાય પધ્ધતિ ..................... ૩૦
૨૨. શ્રી તારતમ ..................... ૩૧
૨૩. શ્રી મેહેર સાગર ..................... ૩૬
૨૪. સ્વરુપ - શ્રીજી સાહેબજી કો સ્વરુપ ..................... ૪૧
૨૫. બડી અરજી - સુંદરસાથ યાદ કીજિએ
૨૬. સિનગાર આરતી
સાંભર સૈયર મેરી બાત ..................... ૪૪
આરતી કરું રે શ્રી પ્રાણજીવન ..................... ૪૫
૨૭. બાલ ભોગ - આવોજી મન મોહન પ્યારે ..................... ૪૬
૨૮. રાજ ભોગ (બપોરનો) - સખિયાં કેતિક બન મેં જાવેં ..................... ૪૭
૨૯. પાનબીડી - પિયા બીડી લઈ જિન હાથ સોં ..................... ૪૯
૩૦. સૈયાં બૈઠી જુદે જુદે ટોલે ..................... ૫૦
૩૧. ચોથા પહરનું ઉઠાપન - સબ સૈયાં પોહોર પીછલ ..................... ૫૧
૩૨. સંધ્યા વંદના - વંદૌ સતગુરુ ચરણ કો ..................... ૫૨
૩૩. સંધ્યા ઝીલણા - શ્રી જમુનાજી કે ઘાટ મેં ..................... ૫૪
૩૪. ગૌરી
પ્રાણનાથ મન ભાયે ..................... ૫૫
મન તુમ ચલિયો નિજ દરબારા ..................... ૫૫
જાઉં કહાં મહારાજ ..................... ૫૬
સમઝિ બૂઝિ ગુરુ કીજે ..................... ૫૬
૩૫. સંધ્યા સ્મરણ - સંઝા સુમરન આરતી ..................... ૫૭
૩૬. મહિમા આરતી
આનંદ આરતી સંઝા કીજે ..................... ૫૯
આરતી એહી હૈ પુરાણ પુરુખ પર ..................... ૫૯

આરતી યહ સતગુરુ પર કીજે ........................ ૬૦

આરતી કીજે જય જય અંત ન જાકો ........................ ૬૧

આરતી અંગ ચતુર્દશ કેરી ........................ ૬૨

આરતી આખિરી ઈમામ કી ગાઈએ ........................ ૬૩

આરતી યુગલ ચિદાનંદ કેરી ........................ ૬૪

૩૭. સતગુરુ સ્તુતિ - જય જય સતગુરુ આરતી ........................ ૬૫

૩૮. સ્તુતિ - પૂર્ણ બ્રહ્મ બ્રહ્મ સે ન્યારે ........................ ૬૫

૩૯. આરતી - કંચન થાલ ચહૂં મુખ દિવલા ........................ ૬૬

૪૦. પરિક્રમા - રવિવાર થી શનિવાર ........................ ૬૭-૬૮

૪૧. નવખંડ આરતી - ભઈ નઈ રે નવોં ખંડોં આરતી ........................ ૬૯

૪૨. સ્વરુપ - સ્વરુપ સુંદર સનકૂલ સકોમલ ........................ ૭૧

૪૩. ભોગ

નંગન જડિત ચૌકી પર દોઊ ........................ ૭૩

કેસરબાઈ કે મોહોલ પધારે ........................ ૭૩

આવત આજ સખી મનમોહન ........................ ૭૪

આજ આનંદ અંગ ન માય ........................ ૭૪

બાઈ આંખ મેરી બેર બેર ફરકે ........................ ૭૪

જેંવન આયે શ્રી રાજ ........................ ૭૫

કૃપા નિધ સુંદરવર શ્યામ ........................ ૭૫

પ્યારી પ્રેમ લુભાની ........................ ૭૭

પિયા રંગ રંગીલે ........................ ૭૮

૪૪. નૃત્ય (કૃષ્ણ પક્ષ - વદ) નિરત હોત ચૌથી ભોમ મેં ........................ ૭૯

૪૫. નૃત્ય (શુક્લ પક્ષ - સુદ) વાલા તમે નિરત કરો મારા ........................ ૮૨

૪૬. સ્તુતિ - પૂર્ણ બ્રહ્મ બ્રહ્મ સે ન્યારે ........................ ૮૪

૪૭. આરતી - આરતી કરું મારા વાલાજીને ........................ ૮૪

૪૮. પરિક્રમા - રવિવાર થી શનિવાર ........................ ૮૪-૮૬

૪૯. મધ્ય રાત્રિનું સ્વરુપ

કૃષ્ણ પક્ષ (વદ) - શ્રી રાજ શ્રી ઠકુરાણીજી ........................ ૮૭

શુક્લ પક્ષ (સુદ) - શ્રી રાજ શ્રી ઠકુરાણીજી ........................ ૯૦

૫૦. સંધ્યાનો અવસર
કૃષ્ણ પક્ષ (વદ) - હુઓ સંઝા કો અવસર ........................ ૯૨
કૃષ્ણ પક્ષ (સુદ) - હુઓ સંઝા કો અવસર ........................ ૯૪

૫૧. પૌઢાવની
રંગ પરવાલી પિયાજી કો મંદિર ........................ ૯૬
પૌઢો શ્રી રાજ અવાર ભઈ હૈં ........................ ૯૬
મદન મોહન શ્યામ ........................ ૯૭
પધારો મેરે વાલાજી ........................ ૯૭
હેલી સેજડી રે બિછાઈ ........................ ૯૭
રાજ કે ગુણ ગાઉં મેં ........................ ૯૮
સોયે રહે શ્યામ સખિયન સંગ મોહોલન ........................ ૯૮

૫૨. સદા આનંદ મંગલ મેં રહિએ ........................ ૯૯
૫૩. બંદે આશિક હોના ફિર સોના ક્યા ........................ ૯૯
૫૪. પ્રસાદ / ભોજન ગ્રહણ પૂર્વેની પ્રાર્થના ........................ ૧૦૦
૫૫. અરજી ધામ ચલને કી - પીછલા બાકી દિન ........................ ૧૦૧
૫૬. શ્રી નિજાનંદ સંપ્રદાયના તહેવાર - ઉત્સવ ........................ ૧૦૩
૫૭. ચિતવની - તિથી સૂચિ - પરમધામ વિહાર ........................ ૧૦૫

# ભૂમિકા

સેવાપૂજા

'સેવાપૂજા' એ સુંદરસાથના જીવનનો આધાર સ્થંભ છે. પરંતુ તેની વિધિ જ્યારે માત્ર જડ કર્મકાંડ કે ઉપાસનાનું સ્વરૂપ ધારણ કરી લે છે ત્યારે તેનું ધાર્યું ફળ મળતું નથી. આમ તો 'માનસી પૂજા' પણ વર્તમાનમાં ઘણી પ્રચલિત છે. પરંતુ તેમાં માયા તથા બ્રહ્મ, જીવ તથા આતમ સ્વરૂપ વિષયક હકીકતનું જ્ઞાન તથા પારબ્રહ્મની અખંડ આનંદમયી ધામલીલાના વિજ્ઞાન (મારફત)ના લક્ષ્યનો સ્પષ્ટ અભાવ હોવાથી તે પ્રકારની માનસી પૂજા પણ તેના અપેક્ષિત રૂપમાં ફલિત થતી નથી.

શ્રી નિજાનંદ(પ્રણામી) સંપ્રદાય અંતર્ગત બ્રહ્માત્મા સ્વરૂપ શ્રી સુંદરસાથજીની સેવાપૂજામાં જ્ઞાન સહિતના કર્મકાંડનો તથા વિજ્ઞાન સહિતની ઉપાસનાનો માર્ગ ચીંધવામાં આવ્યો છે. જે સુંદરસાથ આ ચરિત્રકાંડ સહિતની ચિતવનમય સેવાપૂજા કરે છે, તેમને માટે તો રોજ એની એ જ લાગતી સેવાપૂજા સદૈવ ઉત્તરોત્તર નવીન આનંદ આપનાર તથા વિકાસશીલ બની રહે છે. આ પ્રકારની સેવાપૂજા માત્ર જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત કરનારી જ નહીં પણ શ્રી અક્ષરાતીત પારબ્રહ્મ ધણીના ધામના આનંદ (નિજાનંદ)ની અનુભૂતિ કરાવનાર છે. માટે સેવાપૂજા 'ચિતવનમય' બનીને કરવામાં આવે તે આવશ્યક છે. નિજસ્વરૂપ, નિજધણી, નિજઘર તથા નિજસુખોનું વાસ્તવિક જ્ઞાન શ્રી કુલજમ સ્વરૂપ બ્રહ્મવાણી તથા સેવાપૂજા વિધિને વારંવાર યાદ કરવાથી, તેનું ચિતવન કરવાથી સંભવિત છે. 'સેવાપૂજા' તો આ ધામલીલાની યાદને આપણા મનસપટલ પર સતત તાજી રાખવા માટેનું અણમોલ સાધન છે. આપણી આત્મા પરમધામથી દુઃખરૂપી માયાનો ખેલ જોવા માટે આવી છે, તો અહીં તે પોતાની વાસ્તવિકતાથી અજ્ઞાનરૂપી અંધકારને કારણે વિસ્મૃત થઇ ગઇ છે. આ અજ્ઞાનતા કે ભ્રમ જ માયાના બંધનનું કારણ છે.

એહી તુમારી ભૂલ હૈ, તુમેં બંધન યાહી બાત ।
એહી ફરામોસી તુમ કો, જો ભૂલ ગએ હક જાત ॥

ખિલવત ૧૫/૬૪

જે સુંદરસાથ જાગણીના પંથે પગલાં મૂકતો હોય તેને તો નિજસુખો તથા નિજસ્વરૂપની યાદ સહજ રૂપે જ સતત આવ્યા કરતી હોય છે. આ પ્રકારની મનઃસ્થિતિવાળા જ શ્રી રાજજી મહારાજના દિવ્ય 'ઈશ્ક'ની લજ્જત પ્રાપ્ત કરી શકે છે તથા શ્રી યુગલ સ્વરૂપની સન્મુખ હોવાનો સતત અનુભવ કરી શકે છે. સ્વપ્નમાં પણ તેને પરમધામના નિજાનંદની ઝાંખી થયા કરે છે.

**કીજે યાદ મિલાપ ધની કો, ઔર સખીયોં કે સનેહ ।**
**રાત દિન રંગ પ્રેમ મેં, વિલાસ કિએ હૈં જેહ ॥**

પરિક્રમા ૪/૪

**એહી અપની જાગની, જો યાદ આવે નિજ સુખ ।**
**ઈશ્ક યાહી સોં આવહીં, યાહી સોં હોઈએ સનમુખ ॥**

પરિક્રમા ૪/૭

શ્રી મુખવાણી તો ઉપરોક્ત સર્વ સુખોનો અખૂટ ભંડાર છે, સુંદરસાથજી એ તો તેના મનોમંથન દ્વારા, દૃઢ ઈમાન અને અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા, માયાના અહમ ભાવના સંપૂર્ણ ત્યાગરૂપી ઉપવાસ દ્વારા, અંતરની પવિત્રતા દ્વારા ક્ષર, અક્ષરથી પાર અક્ષરાતીત પરમધામની યાત્રા કરીને નૂરી મૂલમિલાવામાં બિરાજમાન શ્રી યુગલ સ્વરૂપના દર્શન કરવાનાં છે. અહીં પ્રસ્તુત સંપૂર્ણ સેવાપૂજા શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ આધારિત જ છે.

શ્રી પ્રાણનાથજી શ્રીજી સાહેબ સ્વયં જ્યારે શ્રી ૫ પદ્માવતીપુરી ધામ પન્નાજીમાં સાક્ષાત્ સ્વરૂપે હતા ત્યારે પણ આ સેવાપૂજાનો ક્રમ નિયમિત રૂપે ચાલતો હતો. સંધ્યા સેવાપૂજામાં પન્નાજીમાં થયેલ શ્રીજી સાહેબજીની

જાગણીલીલાના માહાત્મ્યનું ગાયન હોવાથી તેનું ચિંતવન પણ કરી શકાય. આ લીલાનું વિસ્તૃત વર્ણન શ્રી વીતક સાહેબમાં અષ્ટપ્રહરની વીતકમાં પણ છે.

શ્રી સુંદરસાથજી ધામ, શોભા, શ્રૃંગાર તેમજ લીલાઓને ચિત્તમાં લે ત્યારે એક બાબતની સાવધાની રાખે તે આવશ્યક છે, કે આ કોઈ પંચભૌતિક જગતની પ્રાકૃતિક કે અસત્ય, જડ તથા દુઃખમયી સંસારની વાત નથી, આ તો સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ પૂર્ણબ્રહ્મના અનંત, અદ્વૈત, સદા ચેતન, નિત્ય, નૌતન તથા અતિ કોમળ દિવ્યધામની વાસ્તવિકતા છે. વિના પૂર્ણ તારતમજ્ઞાને વર્તમાન કેટલાક સંપ્રદાયોએ સુંદરસાથજી માટે મોટા ગૂંચવાડા ઊભા કર્યા છે. તેઓ અક્ષરાતીત પારબ્રહ્મને અક્ષરધામમાં દર્શાવે છે અને અક્ષરાતીતના શુદ્ધ સાકાર સ્વરૂપને માનવા છતાંયે પરમધામના પચ્ચીસ પક્ષોના અસ્તિત્વની અવગણના કરે છે. એટલું જ નહિ પણ સંકુચિતતાની ચરમસીમાએ યુગલ સ્વરૂપની ઉપાસનામાં માનવા છતાંયે યુગલને સ્ત્રી-પુરુષ આકારે નહિ પણ બે પુરુષાકારને જ યુગલ ઠેરવી દે છે અને સત્ સ્વરૂપ અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મના સર્વશ્રેષ્ઠ આનંદ સ્વરૂપનું નિરૂપણ કરે છે. જે અક્ષરબ્રહ્મ પરમધામની આનંદ ઈશ્કલીલાના અધિકારી જ નથી થઇ શકતા, તેમને સદૈવ અક્ષરાતીતની સેવામાં દર્શાવે છે, તથા ક્ષરપુરુષ આદિનારાયણ કે મહાપ્રલાધિન છે, તેમને અક્ષરાતીત તરીકે ઘટાવી દે છે. શ્રી સુંદરસાથજી તારતમજ્ઞાનના અભાવે પ્રચલિત આ પ્રકારની અનેક ભ્રમણાઓને માયા માત્રનું સ્વરૂપ સમજે અને ચારસો વર્ષમાં થયેલ અનેક બ્રહ્મમુનિઓની ઠોસ અનુભૂતિઓને તથા શ્રીજીના જીવનદર્શનને આધારભૂત માનશે તો અવશ્ય પોતાના કુલજમીય સાધના પંથ પર સફળતાનો અહેસાસ થશે જ.

સુંદરસાથ ચરણરજ
પૂજ્ય શ્રી રમણદાદા સંરક્ષકશ્રી
શ્રી નિજાનંદ આશ્રમ, વડોદરા

# શ્રી સુંદરસાથ જીવન રહેણી

શ્રી નિજાનંદ સંપ્રદાયના અનુયાયી 'સુંદરસાથ' તરીકે ઓળખાય છે. ગૃહસ્થી હોય કે વાનપ્રસ્થાશ્રમી હોય કે સંન્યાસાશ્રમી - આ સર્વે શ્રી કુલજમ સ્વરૂપ બ્રહ્મવિદ્યાની દૃષ્ટિએ માત્ર 'સુંદરસાથ' જ છે. શરીર, મન, જીવ, આત્મા, પરઆતમ તથા પરબ્રહ્મની ભાષામાં પ્રવાહિત થયેલ અખંડ વાણીમાં વિવિધ આશ્રમોના વર્ગીકરણને કોઈ જ પ્રાધાન્ય નથી. બસ એક આત્મઅંગના ભાવ તથા અનન્ય પતિવ્રત ધર્મપાલન જ તેના કેન્દ્રમાં છે. પરંતુ આપણે સૌ સુંદરસાથજી આજે વૈવિધ્યપૂર્ણ જીવનશૈલી જીવીએ છીએ. શ્રીમુખવાણી તેમજ શ્રી વિતક સાહેબમાં આ વિવિધ જીવનશૈલી સંબંધી શિખામણો વિખરાયેલ મોતીઓની જેમ મળે છે. તેમાં વિવિધ યમ અર્થાત્ આપણી સામાજિક આચાર-વિચાર કે વર્તણૂંક સંબંધી બોધનો સમાવેશ છે, તો વિવિધ નિયમ અર્થાત્ આપણી વ્યક્તિગત કે નિજી આચાર-વિચાર કે વર્તણૂક સંબંધી પણ બોધપાઠ છે.

આપણી પરસ્પર વ્યવહારિક કે સામાજિક વર્તણૂકનો આધાર આપણી નિજ-વ્યક્તિગત (આપણે એકાંતમાં હોઈએ ત્યારની) વર્તણૂક પર રહેલો છે. વ્યક્તિત્વ નિર્માણ કર્યા વિના શ્રીમુખવાણી વ્યવહારમાં નથી મૂકી શકાતી. આપણા સુંદરસાથત્વનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટે આપણા અંતઃકરણમાં વિવિધ યમ તથા નિયમોનો સતત વાર્તાલાપ થતો રહે એ આવશ્યક છે. સુંદરસાથજીએ સ્વયં પોતે શ્રી તારતમ જ્ઞાન યુક્ત અનન્ય પ્રેમલક્ષણા ભક્તિના માર્ગે શુદ્ધ દૃષ્ટા ભાવે આ પ્રક્રિયાને સહજ બનાવવાની છે, જેથી તમામ જીવનક્રિયાઓ જીવને કર્મબંધન રૂપ ન બની રહે અને આત્માને આનંદનો અનુભવ થઈ શકે.

દરેક સુંદરસાથ પોતપોતાની વિશેષ જીવનશૈલી કે પરિસ્થિતિમાં જાગૃત રહી પોતાના અંતિમ નિજાનંદ લક્ષ્ય સુધી ઓછામાં ઓછી અડચણે પહોંચી શકે તે ભાવનાથી કેટલીક સર્વસાધારણ બાબતો અહીં નોંધવામાં આવેલ છે. પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર કક્ષાએ ઊભેલા દરેક સુંદરસાથને મહદંશે એ ઉપયોગી નીવડશે જ. બાકી તો દરેક સુંદરસાથ પોતપોતાની વિશેષ પરિસ્થિતિને અનુરુપ ઉચિત માર્ગ શ્રી રાજજીની મધ્યસ્થી સ્વીકારી શોધી લઈ પોતાનું જીવન ઉન્નત બનાવે એ શુભકામના છે.

૧. મન, વચન તથા કર્મથી અહિંસા ધર્મપાલન કરવું. વેરભાવવૃત્તિથી મુક્ત

રહેવું. શ્રી રાજજી હિંસક વૃત્તિવાળાને સદ્‌બુદ્ધિ બક્ષે અને પોતાનું આત્મબળ વધારે એવી નમ્ર પ્રાર્થના કરવી. સુંદરસાથનું હ્રદય તો પ્રેમ તથા દયાનો સાગર હોય છે.

૨. મન, વચન તથા કર્મથી સત્ય આચરણ કરવું. આ ત્રણેયમાં એકરૂપતા હોવાનું નામ જ સત્ય આચરણ છે.

૩. મન, વચન તથા કર્મથી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. વ્યભિચાર મુક્ત જીવનશૈલી અપનાવી પરસ્ત્રીગમનથી સદા દૂર રહેવું.

૪. મન, વચન અને કર્મથી આપણા જીવનવ્યવહારોને પ્રામાણિકતાપૂર્વક સંપન્ન કરવા. સહયોગ, ધન, પ્રેમ, પદ યા સત્તા ગુમાવી દેવાના ડરને લઈને ઉદ્‌ભવતી વ્યાવહારિક અપ્રામાણિકતા પ્રત્યે સતત સજાગ રહેવું.

૫. મન, વચન, ધન તથા કર્મથી ઉદારવૃત્તિ રાખવી, જેમાં અપરિગ્રહના મૂળ છે. ધન, સંપત્તિ ઈત્યાદિ માયાની સુવિધાઓ પ્રત્યે અસંગ્રહવૃત્તિ રાખવી. જૂઠી માયાની "મૈં ખુદી" હટતા જ્યારે "ધામધણીજીની મૈં" જાગૃત થવા લાગે ત્યારે આ વૃત્તિ સહજ બને છે.

૬. મન તથા શરીરથી જીવનને સ્વચ્છ તથા પવિત્ર રાખવું. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ દ્વારા બાહ્ય વાતાવરણમાંથી પ્રાપ્ત શક્તિ તથા જ્ઞાનને તન, મન તથા જીવ નિર્મળ કરવામાં લગાવી દેવું.

૭. શ્રી રાજજીએ જેવો પણ ખેલ બતાવ્યો છે, બતાવી રહ્યા છે કે બતાવશે - એ સર્વે વિષયે પૂર્ણતઃ સંતોષ વૃત્તિ રાખવી. ગમે તેટલી વિષમ પરિસ્થિતિઓમાં પણ સંતોષી સુંદરસાથનું મન શાંત તથા સ્થિર રહી શકે છે. પછીથી તેને બાહ્ય નિયંત્રણ, સત્તા કે અન્યની માન્યતા મેળવવાનો મોહ નથી રહેતો. વર્તમાન જાગણી જીવનમાં તે સફળતાની એક અદ્‌ભૂત ચાવી છે.

૮. શ્રીમુખવાણી મંથન, ચિંતવન, સ્વાધ્યાય તથા જીવન રહેણીમાં અમલરૂપી તપ દ્વારા અંતર્જ્યોતિ પ્રગટાવતાં રહેવું તથા સુંદરસાથ તેમજ વિશ્વ સમાજમાં જીવન સંતુલન તથા શાંતિ ભાવના પ્રવાહિત કરતા રહી અન્ય માટે દીવાદાંડીરૂપ બનવા પ્રયાસશીલ રહેવું તે માટે જીવનને સાદુ તથા સરળ બનાવવું.

૯. આનંદનો અનુભવ બાહ્ય સુખસંપત્તિથી નહીં, પરંતુ આત્મસાક્ષી દ્વારા અંતર્મુખી બનીને કરીએ. જ્ઞાનની ખબર હોવી અને જ્ઞાન થવું. (અનુભવમાં આવવું) આ બે અલગ-અલગ બાબતો છે, તેનું સતત ધ્યાન રાખીએ.

૧૦. એક અક્ષરાતીત ધામધણી પર અનન્ય પ્રેમ તથા પૂર્ણ ઈમાન રાખવો. ઈમાનરૂપી જળના સિંચન દ્વારા તારતમ બીજમાંથી અખંડ આનંદ ફલિત થાય છે. સર્વે કાર્યોમાં સર્વ સ્થિતિમાં એક ધામધણીના હુકમને શિરોધાર્ય માનવો.

૧૧. સતગુરના શુદ્ધ પ્રેમસેવામય જીવન તથા વાણી વચનોમાં શ્રી કુલજમ સ્વરૂપના જ્ઞાનની પહેચાન કરી તેમની સેવામાં યથાશક્તિ તન, મન તથા જીવથી સમર્પિત થવું. આ સેવા તેમના પરમ સહયોગી બની જીવનભર કરતા રહેવું.

૧૨. નોકરી કે ધંધા થકી, નીતિપૂર્વક કમાયેલા ધનનો ઓછામાં ઓછો દસમો ભાગ શ્રી સુંદરસાથજીની વિવિધ પ્રકારની સેવાઓમાં પ્રયોગ કરવો.

૧૩. મન, વચન તથા કર્મથી સુંદરસાથજી તેમજ અન્ય કોઈનું દિલ પણ ન દુઃખાવવું. સત્ય સમજાવવા માટે પણ જો કોઈકનું દિલ દુભાયું હોય તો ઉચિત અવસર શોધી તેનો એકરાર કે પશ્ચાત્તાપ કરવો.

૧૪. અન્યના અવગુણો પ્રત્યે ધ્યાન ન આપતા, કેવળ તેમના સદ્‌ગુણોને ગ્રહણ કરી પોતાનો આધ્યાત્મિક વિકાસ કરવામાં લાગી રહેવું.

૧૫. સતગુરુ તથા સર્વ સુંદરસાથ પ્રત્યે સદૈવ વિનમ્રતા તથા આધિનતાને ભાવ રાખવો. ક્યારેય પોતાના અભિમાનનું પ્રદર્શન ન કરવું અને ગરીબીપૂર્ણ વર્તન કરવું.

૧૬. રાત-દિન, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં, ઉઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં આપણા આત્મધણી શ્રી પ્રાણનાથજીને ભૂલવા નહિ. શ્રી રાજજીના ચરણોનું ધ્યાન કર્યા વિના કે ચરણામૃત-પ્રસાદ ગ્રહણ કર્યા વિના અન્ન-જળ ગ્રહણ કરવું નહિ.

૧૭. કાષ્ટ, પાષાણ કે ધાતુ દ્વારા નિર્મિત નિરાકાર ક્ષર જગતનાં દેવ-દેવીઓ ત્રિદેવા કે વિવિધ શક્તિઓ ફોટા કે મૂર્તિરૂપ આકારની પૂજા નહીં કરતા એક માત્ર પૂર્ણબ્રહ્મ અક્ષરાતીત નૂરી યુગલ સ્વરૂપની શોભા, સ્વરૂપ, શ્રૃંગાર તથા ધામલીલાઓનું ચિતવન કરવું.

૧૮. સુંદરસાથે કેફી પદાર્થોના સેવન, ધુમ્રપાન તથા મદ્યપાનથી, માંસાહાર જુગાર આદિ કુકર્મોથી હરપલ બચતા રહેવું. જીવનમાં આ ચીજો હોવાથી શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક સ્તર પર ગંભીર નુકશાન પહોંચે છે. તે સર્વે આત્મજાગૃતિના માર્ગે અવરોધક છે. ધુમ્રપાન તેમજ કેફી પદાર્થોના વ્યસનથી મુક્ત થવા ઉપલબ્ધ સર્વ ઉપાયો કરવા.

૧૯. જો મન, વચન યા કર્મથી ભૂલમાં કોઈ અપરાધ થયો હોય તો પુનઃ તેમ ન કરવાનું પ્રણ લેવું તથા શ્રી રાજજી મહારાજ તેનાથી બચવા માટે આત્મ-બળ પ્રદાન કરે

એવી પ્રાર્થના કરવી.

૨૦. સુંદરસાથે પોતાની આજીવિકા માટે એવો કામ-ધંધો પસંદ કરવો કે જે કેફી પદાર્થો, માંસાહાર, મદિરાપાન, વ્યભિચાર, ઈત્યાદિ નકારાત્મક જીવનશૈલીને પ્રોત્સાહિત કરનાર ન હોય તથા પર્યાવરણ માટે હાનીકારક ન હોય. જે ચીજોને શ્રીજીએ આત્મજાગૃતિ માર્ગે અવરોધક દર્શાવેલ છે, તેના ઉપભોગ માટે અન્ય મનુષ્યોને પ્રોત્સાહિત કરવા એ કેટલું વ્યાજબી હોઇ શકે? જેને આમ કરવાની મજબૂરી થઈ પડે તેણે તેમાંથી ત્વરિત શી રીતે મુક્ત થઈ શકાય તેના સર્વે પ્રયત્નો કરવા, તથા જે કાંઈ અયોગ્ય કરવું પડ્યું છે તેનો પશ્ચાત્તાપ કરવો.

૨૧. એક ગામ કે શહેરમાં સતગુરુ તથા સુંદરસાથ હોય અને નિત્યવૃત્તિ તેમને મળવાનું સંભવ ન હોય તો સપ્તાહમાં એકવાર તો અવશ્ય જ તેમનાં દર્શન કરવા તથા વાણી, સત્સંગ ચર્ચા કરવી.

૨૨. જે ગામ કે શહેરમાં અન્ય કોઈ સુંદરસાથ ન હોય તો અવશ્યરૂપે ઓછામાં ઓછા મહિનામાં એક વાર ટેલીફોન, ઈન્ટરનેટ, વિડીયો વગેરે આધુનિક માધ્યમો દ્વારા સત્સંગનો લાભ લેવો.

૨૩. જો આપણા ગામ કે શહેરમાં સુંદરસાથ મહાત્મા કે ધર્મોપદેશક પધારે તો તેમની સાથે વાણી-સત્સંગનો લાભ લઇએ. તેમને તથા સૌ સુંદરસાથજીને આમંત્રિત કરી સત્સંગ બેઠકનું આયોજન કરીએ. પ્રાપ્ત સુઅવસર માટે શ્રી રાજજી મહારાજનો તથા આવનાર સર્વે સુંદરસાથનો હાર્દિક આભાર પ્રગટ કરીએ તથા ભાવાનુસાર સેવા સહયોગ અર્પણ કરીએ.

૨૪. સર્વે સાંપ્રદાયિક તિથીઓ તથા ઉત્સવો પર સર્વે સુંદરસાથે એક નિશ્ચિત સ્થાન કે મંદિરે એકત્રિત થવું. ઉત્સવ મનાવવાના નિશ્ચિત દિવસે તમામ પ્રકારનાં સાંસારિક કામ-ધંધા છોડીને શ્રધ્ધાપૂર્વક હાજરી આપી સુંદરસાથ દર્શન, ચર્ચા, સત્સંગ તથા સામૂહિક સેવાપૂજાનો આનંદ લેવો.

૨૫. જન્મથી તે મૃત્યુ સુધીના વિવિધ પ્રકારના સુખ-દુઃખના પ્રસંગો, આનંદ ઉત્સવ, વિવાહાદિ શુભ અવસરોને શ્રી નિજાનંદ સંસ્કારવિધિને અનુરૂપ, શ્રી રાજશ્યામાજીનું પૂજન કરીને જ સંપન્ન કરવી. આ પ્રસંગોએ પણ પોતાનો અનન્ય પ્રેમલક્ષણા યુક્ત પતિવ્રતાધર્મ સુંદરસાથજીએ નિભાવવો.

## શ્રી તારતમ

**નિજનામ શ્રીજી સાહેબજી, અનાદિ અક્ષરાતીત ।**
**સો તો અબ જાહેર ભએ, સબ વિધ વતન સહીત ॥૧॥**

હું ક્ષર (નાશવંત) તેમજ અવિનાશી અક્ષરબ્રહ્મથી પરે રહેવાવાળો એ અનાદિ અક્ષરાતીત ઉત્તમ પુરુષ છું, જેણે શ્રી કૃષ્ણ રૂપે વ્રજ તથા રાસલીલા કરી હતી. આજ દિન સુધી શ્રી કૃષ્ણજીના તન દ્વારા થયેલ બ્રહ્મલીલાના ગૂઝ ભેદ કોઈએ પણ જાણ્યા નથી. હવે હું સ્વયં મારા સ્વરૂપ, ધામ તથા લીલા સંબંધી સંપૂર્ણ અખંડ વૈભવ વિજ્ઞાન સહિત આ જગતમાં (શ્રીજી સાહેબજીના તન થકી) જાહેર થઈ રહ્યો છું. (નિજનામનું તાત્પર્ય 'નામ'થી નથી પરંતુ 'પહેચાન' થી છે.)

**શ્રી શ્યામાજી વર સત હૈ, સદા સત સુખ કે દાતાર ।**
**વિનતી એક જો વલ્લભા, મો અંગના કી અવિધાર ॥૨॥**

હે શ્યામાજીના વર! આપ સત્ય છો, તથા સદા સત્ય સુખોના દાતાર છો. હે વલ્લભા! હું વિનંતી કરું છું કે, આપની આતમ અંગનાને આપના પવિત્ર ચરણોમાં આશ્રય બક્ષો - મને અંગીકાર કરો.

**વાની મેરે પિઉ કી, ન્યારી જો સંસાર ।**
**નિરાકાર કે પાર થેં, તિન પાર કે ભી પાર ॥૩॥**

મારા પ્રિયતમની અખંડ શ્રી મુખવાણી આ સંસારમાં સૌથી નિરાળી (અદ્વિતીય) છે. કારણ કે તે સાકાર તથા નિરાકારની ઉપમાઓ યુક્ત અસત્ય, જડ તથા દુઃખરૂપી કાળમાયિક બ્રહ્માંડથી પાર અખંડ યોગમાયા તથા તેનાથી પાર અક્ષરબ્રહ્મના અક્ષરધામ તથા તેનાથી યે પરે જે સર્વશ્રેષ્ઠ અક્ષરાતીત પરમધામ છે. ત્યાં લઈ જનાર છે.

અંગ ઉત્કંઠા ઉપજી, મેરે કરના એહ વિચાર ।
એ સત વાની મથ કે, લેઉં જો ઈનકો સાર ॥૪॥

હે પ્રિયતમ! આપની આ વાણીના શ્રવણથી મારા રોમ-રોમમાં બસ એક જ ઉત્કંઠા (તીવ્ર અભિલાષા) ઉપજી રહી છે કે હવે બસ એકમાત્ર આ સત્યવાણી વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવો છે, તથા તેનું આત્મમંથન કરી સારનો સાર ઈશ્ક ગ્રહણ કરવો છે.

ઈન સાર મેં કઈ સત સુખ, સો મૈં નિરને કરું નિરધાર ।
એ સુખ દેઊં બ્રહ્મસૃષ્ટ કો, તો મૈં અંગના નાર ॥૫॥

કારણ કે હે પ્રિયતમ! આપના મિલનથી મને એ દૃઢ થઈ ગયું છે કે આ અખંડ વાણીનો સાર ઈશ્ક ગ્રહણ કરવાથી અગણિત સત્ય સુખો પ્રાપ્ત થાય છે આ સર્વે સુખોને જો હું સૌ બ્રહ્મસૃષ્ટિ આત્માઓમાં વહેચું તો જ હું ધામધણીની અર્ધાંગિની (પ્રિયતમા - પત્ની) કહેવડાવવાને યોગ્ય બની શકું. આ હકીકત હું નિશ્ચિત રૂપે સમજું છું.

જબ એ સુખ અંગ મેં આવહીં, તબ છૂટ જાએ વિકાર ।
આયો આનન્દ અખંડ ઘર કો, શ્રી અક્ષરાતીત ભરથાર ॥૬॥

હે પિયા! જ્યારે આ જાગણીના અખંડ સુખો મારા પ્રત્યેક અંગમાં ભરાઈ જશે, ત્યારે માયાના તમામ વિકારો અવશ્ય છૂટી જશે. અખંડ ઘર પરમધામનો નિજ-આનંદ પણ પ્રાપ્ત થઈ જશે. હે ધણી! આપ અક્ષરાતીત જ મારા સાચા ભરથાર છો.

*નોંધ :- પરમધામમાં બિરાજીત મૂળ સ્વરૂપ શ્રી રાજજી મહારાજે પોતાની આવેશ શક્તિ દ્વારા શ્રી દેવચંદ્રજીને દર્શન આપ્યા. શ્રી તારતમ એ શ્રી દેવચંદ્રજીની આતમનો અક્ષરાતીતના આવેશ સ્વરૂપ સાથેનો વાર્તાલાપ છે. શ્રી તારતમમાં બીજરૂપે ધામધણીની તથા નિજ-આત્મ સ્વરૂપની પહેચાન, તેમના પરસ્પર દિવ્ય સંબંધનો અહેસાસ, એકરાર તથા તે સંબંધને તેના વાસ્તવિક સ્વરૂપમાં મન, વચન તથા કર્મથી*

પૂર્ણતઃ નિભાવવાનો અંતઃકરણ પૂર્વકનો કરાર છે. આ કરારની ફલશ્રુતિ અનાદિ અક્ષરાતીત શ્રી પ્રાણનાથજી (શ્રીજી સાહેબજી)નાં દિવ્ય ચરણકમળમાં અખંડ આનંદ (નિજાનંદ) છે.

## શ્રી નિજાનંદ સંપ્રદાય પધ્ધતિ

જ્યારે શ્રી પ્રાણનાથજી હરિદ્વારમાં સંવત ૧૭૩૫માં આયોજિત કુંભમેળામાં ગયા ત્યારે ઉપસ્થિત વિવિધ હિંદુ ધર્માચાર્યોએ તેમનો હિંદુ પરંપરા આધારિત સાંપ્રદાયિક પરિચય માંગ્યો તો શ્રીજીએ જે પરિચય દર્શાવ્યો તેને સંપ્રદાય પધ્ધતિના રૂપમાં ગાવામાં તેમજ માનવામાં આવે છે. શ્રી સુંદરસાથજીએ નિત્યપ્રતિ આ મૂળ સિધ્ધાંતોને પ્રકાશિત કરનાર પધ્ધતિનું ગાયન-મનન, ચિંતન કરવું.

સતગુરુ બ્રહ્માનંદ હૈ, સૂત્ર હૈ અક્ષર રુપ ।
સિખા સદા ઈન સેં પરે, ચેતન ચિદ્દ જો અનૂપ ॥૧॥

સેવન હૈ પુરુષોત્તમ, ગોત્ર ચિદાનંદ જાન ।
પરમ કિશોરી ઈષ્ટ હૈ, પતિવ્રત સાધન માન ॥૨॥

શ્રી જુગલ કિશોર કો જાપ હૈ, મંત્ર તારતમ સોએ ।
બ્રહ્મ વિદ્યા દેવી સહી, પુરી નૌતન મમ જોએ ॥૩॥

અઠોત્તર સૌ પખ સાખા સહી, સાલા હૈ ગૌલોક ।
સતગુરુ ચરણ કો ક્ષેત્ર હૈ, જહઁા જાએ સબ સોક ॥૪॥

સુખ વિલાસ માંહેં નિત વૃંદાવન, ઋષિ મહાવિષ્ણુ હૈ જોએ ।
વેદ હમારો સ્વસં હૈ, તીરથ જમુના સોએ ॥૫॥

શાસ્ત્ર શ્રવણ શ્રી ભાગવત, બુધ જાગ્રત કો જ્ઞાન ।
કુલ મૂલ હમારો આનન્દ હૈ, ફલ નિત્ય વિહાર પ્રમાન ॥૬॥

દિવ્ય બ્રહ્મપુર ધામ હે, ઘર અક્ષરાતીત નિવાસ ।
નિજાનંદ હે સમ્પ્રદા, એ ઉત્તર પ્રશ્ન પ્રકાસ ॥૭॥

ધની શ્રી દેવચન્દ્રજી નિજાનંદ, તિન પ્રગટ કરી સમ્પ્રદા એહ ।
તિન થેં હમ યહ લખી હૈં, હમ દ્વાર પાવેં અબ તેહ ॥૮॥

## સેવાપૂજા (સવારની)

શ્રી પરમધામ મૂલમિલાવામાં બિરાજમાન યુગલ સ્વરૂપનાં દિવ્ય નૂરી ચરણકમલનું ધ્યાન કરવું. સૌપ્રથમ શ્રી શ્યામાજીનાં ચરણોની શોભાનું ચિંતવન કરતાં કરતાં શ્રી રાજજીને પ્રાર્થના કરવી કે, "હે ધણી! આ ચરણ, જે મારા જીવના જીવન છે, તેમને કદીપણ મારા હૃદયથી દૂર કરશો નહિ. આ નિસબતી ચરણકમલમાં બેસાડી આપ મારી બાતુની નજર (અંતર્ચક્ષુ) ખોલો. બસ એક જ મનોરથ છે કે, આ લીલામાં પૂર્ણ કોમળ ચરણોની શોભામાં જ રસમગ્ન રહું."

પ્રથમ લાગૂં દોઊ ચરન કો, ધની એ ન છોડાઈયો ખિન ।
લાંક તલી લાલ એડિયાં, મેરે જીવ કે એહી જીવન ॥

ઈન પાંઉં તલે પડી રહૂં, ધની નજર ખોલો બાતન ।
પલ ન વાલૂં નિરખૂં નેત્રે, મેરે જીવ કે એહી જીવન ॥

અર્સ તુમારા મેરા દિલ હૈ, તુમ આએ કરો આરામ ।
સેજ બિછાઈ રુચ રુચ કે, એહી તુમારા વિશ્રામ ॥

### મંગલાચરણ

કોઈપણ દૈનિક કાર્યોના મંગલમયી પ્રારંભાર્થે આ વંદના બોલવી. આ વંદના દ્વારા નિજાનંદના દાતા સતગુરુ સ્વરૂપ શ્રી શ્યામાજી તેમજ ધામધણી શ્રી પ્રાણનાથજીને પ્રણામ કરવામાં આવે છે. વંદના ગાતી વેળા આંખો બંધ કરી,

પ્રથમ શ્રી દેવચંદ્રજી, શ્રી મેહેરાજજી તેમજ શ્રી તેજકુંવરીજી (બાઈજુરાજજી) થકી જાગણી લીલા કરનારા મૂળ સ્વરૂપ શ્રી શ્યામાજી તેમજ શ્રી રાજજીનું ચિંતન કરતા કરતા પ્રાર્થના કરવી કે, "અમારા સર્વ અશુભ પ્રસંગોને મંગલ અર્થાત્ સુખશીતલદાયી બનાવનાર, હે સતગુરુજી! આપના શ્રીચરણોમાં મારા પ્રેમ પ્રણામ સ્વીકારો. હે શ્રી રાજજી મહારાજ! હે મારા શ્રી પ્રાણનાથ! આપના શ્રી ચરણોમાં હું હરપલ પ્રણામ કરું છું. માત્ર આપની કૃપા થકી મારી જીવન નૈયા ચાલી રહી છે. હું મારી પોતાની કરનીના બળે નહીં, પરંતુ આપની બાંહોના સહારે સંસાર સાગર પાર કરવા કૃતનિશ્ચયી છું."

**વન્દૌ સતગુરુ ચરણ કો, કરું સો પ્રેમ પ્રણામ ।**
**અશુભ હરન મંગલ કરન, શ્રી દેવચંદ્રજી નામ ॥**

**શ્રી પ્રાણનાથ નિજ મૂલપતિ, શ્રી મેહેરાજ સુનામ ।**
**તેજકુંવરી શ્યામા યુગલ, પલ પલ કરું પ્રણામ ॥**

**શ્રી પ્રાણનાથ તુમ સત્ય હો, તુમસે ચલત જહાજ ।**
**મેં આધીન કરની નહીં, બાંહ ગ્રહે કી લાજ ॥**

## પ્રાતઃ સમય ગાવાની પ્રભાતી

આત્મા યુગલ ધની શ્રી રાજશ્યામાજીને પોતાના અંતરના ભાવની ભીનાશથી હૃદયમંદિરમાં આમંત્રિત કરતાં કરતાં પોતાના સતગુરુ ધણીના વિરહની વ્યથા વ્યક્ત કરે છે અને કહે છે, "હે ધણી! હું કલકલીને કહું છું કે આપ તત્ક્ષણ (આજ ઘડીએ) મારી સમક્ષ પધારો." સવારે પથારીમાંથી ઉઠતી વેળા તથા સત્સંગ - પ્રાર્થના સભાઓના પ્રારંભે વંદના બોલ્યા બાદ આ પ્રભાવી ગાવાની પરંપરા છે. "આવોજી વાલા" બોલતી વેળા આંખો બંધ કરી ચિતવન રંગમહોલની પાંચમી ભોમના કેન્દ્રમાં આવેલ રંગપરવાલી મંદિરનું કરવું. અહીં આપ શ્રી રાજશ્યામાજીના શયનખંડ સમક્ષ સૂરતા થકી ઊભા છો તથા શયનખંડના દ્વાર ખુલવાની રાહ જોઈ ઊભા છો.

આવો જી વાલા મ્હારે ઘેર, આવો જી વાલા ।
એકલડી પરદેસમાં, મૂને મૂકીને કાં ચાલ્યા ॥૧॥

મૂને હતી નીંદરડી, તમે સૂતી મૂકી કાં રાતે ।
જાગી જોઉં તાં પિઉજી ન પાસે, પછે તો થાસે પ્રભાતે ॥૨॥

કલકલીને કહૂં છું તમને, આવ જો આણે ખિણે ।
મ્હારા મનના મનોરથ પૂરજો, શ્રી ઈંદ્રાવતી લાગે ચરણે ॥૩॥

### ઉઠો રે પિયા - પ્રભાતી

આ ઉઠાપન બોલતી વેળા ચિત્ત રંગમહોલ પાંચમી ભોમના કેન્દ્રમાં આવેલ રંગપરવાલી મંદિરમાં રાખવું. શ્રી રંગપરવાલી મંદિરના દ્વાર ખુલતાં જ મારી આત્મા અંદર પ્રવેશી શ્રી યુગલ સ્વરૂપનાં ચરણકમલ નજીક પહોંચી છે. શ્રી રાજશ્યામાજી મારી મધુર કર્ણપ્રિય વિનંતી સાંભળી જાગ્રત થઈ શૈયામાં બેઠા થઈ રહ્યા છે. તેમના સુંદર તથા આનંદદાયી દિવ્ય સ્વરૂપનો દિલમાં અનુભવ થઈ રહ્યો છે.

ઉઠો રે પ્યારે પિયા નવલ વિલાસી, પ્રાતઃ ભયો ચિતરુપ પ્રકાસી ॥
ક્રીડા રસ રજની રૂપ રાજે, પ્રાતઃ ભયો સુખ નવલે સાજે ।
નિદ્રા મદ મેં આનંદ તુરંગી, લોચન રંગ રંગીલે રંગી ॥૧॥

ઈચ્છારૂપી લીલા રંગભીની, નિત્ય નવતન રસ બસ જો કિન્હી ।
નિરખિ મંગલ મુખ સુખદાઈ, ઉઠો રે જીવન! પ્યારી ઉઠાવન આઈ ॥૨॥

ઉઠિ બૈઠે દોઉ સેજ્યા સુખદાઈ, અલબેલી જીવન મન ભાઈ ।
શ્રી સુંદર શ્રી ઈંદ્રાવતી જોડી, નિરખી નાગર નવરંગ ગોડી ॥૩॥

## પ્રભાતી

જાગિયે શ્રી પ્રાણનાથ, પ્રાતઃ ભયો પ્યારે ||ટેક||

પૂર્વ દિસ ઉદય અરૂણ, સખિયાં સબ ઠાડી સરણ ।
પંખી ઉડિ ચલે ચરન, જાગિયે દુલારે ||૧||

બૈઠે ઉઠિ નાથ સેજ, અંગ રંગ સકલ તેજ ।
ઝલકત છબિ રેજારેજ, ભૂખણ સંભારે ||૨||

ગૌર લખિ મુખારવિંદ, વિહંસત આનંદ કન્દ ।
બોલત સ્વર મંદ મંદ, નેત્ર તેજતારે ||૩||

સોહત ભુજ બાજૂ બંધ, કંઠહાર સર પ્રબંધ ।
વસ્ત્ર છબિ તડિત, મંદ અંગ સંગ સારે ||૪||

ગાવત જેહિ અગમ નિગમ, પાવત નહીં સુર-નર ગમ ।
આયે ધરિ દેહ સુગમ, ચૌદે ભુવન તારે ||૫||

જ્ઞાનસખી નિરખી વદન, લાજત છબિ કોટિ મદન ।
આયે સોઈ નંદ સદન, ચરણન બલિહારે ||૬||

## પ્રાતઃકાલનું ઉઠાપન

શ્રી રાજજી અને શ્રી શ્યામાજી, શ્રી રંગમહોલ પાંચમી ભોમ કેન્દ્રસ્થ રંગપરવાલી મંદિરમાં નૂરી સેજ-શૈયા પર બિરાજમાન છે. તમામ સખીઓ તેમના મંગલ દર્શન માટે દોડી-દોડી આવી રહેલ છે. તેમના કૃપાવંત ચહેરાનાં દર્શનથી પ્રફુલ્લિત થઈ હું તેમની વિવિધ સેવા-ચંદનની ચોકી બિછાવવી, જળ ભરી લાવવું, લવિંગનું દાતણ કરાવવું - વગેરેમાં પ્રવૃત્ત છું. યુગલ સ્વરૂપની શોભા વારંવાર નીરખી હું ધન્ય ધન્ય બની ગઈ.

નોંધ : સવારે દંતમંજન/બ્રશ વેળા આ લીલાનું ચિંતવન કરવું.

રૈનિ કી ઉનીદી શ્યામા પિઉ પાસે આઈયાં, પ્રીતમ પાસે આઈયાં ॥ટેક॥
નૈન અરૂણ સોહે રતિરંગ ભીને, પિઉ પ્યારી મન્દ મન્દ મુસકાઈયાં ॥૧॥

અતલસ ગેંદુવા સેત નિહાલી, જાડો લગે પિયા શાલ ઓઢાઈયાં ।
લટપટી પાગ છૂટે બંધ સોહે, રંગ સેજ્યા દોઊ લાલ સોહાઈયાં ॥૨॥

અંગ સો અંગ જોડે દોઊ મન ભાઈયાં, અરસ પરસ કર કંઠ લપટાઈયાં ।
મહારંગ રસ ભીને રસિક યુગલ પિયા, નિરખિ નિરખિ સખિયાં સુખ પાઈયાં ॥૩॥

ચન્દન કી ચૌકી ડારૌં બૈઠો પ્યારે અંગના, લવંગ કી દાતૌન જલ ઝારી ભરી લ્યાઈયાં ।
શ્રી ઈન્દ્રાવતી પતિ રુપ જુગલ ધની, નિજ નવરંગ નિરખિ નિરખિ બલિજાઈયાં ॥૪॥

## ઝીલના

શ્રી રાજશ્યામાજીને રંગપરવાલી મંદિરની સેજ્યાની બંને તરફ આવેલ ઝીલના કક્ષમાં જમુનાજળ ઝીલના કરાવતાં કરાવતાં રંગમહોલની નિકટની પ્રથમ પરિક્રમા - પાટઘાટ, કુંજ-નિકુંજ વન, ફૂલબાગ-નૂરબાગ, બડોવન, લાલચબૂતરાની લીલાઓનું ક્રમબદ્ધ ચિતવન કરવું.

*નોંધ : આપણે સ્નાન વેળા આ લીલાઓનું ચિતવન કરવું.*

મારા વાલા જી ચલો, જમુના જલ ઝીલિયે ॥ટેક॥

પાટ ઘાટ કી દેહુરિ મેં, જહાં રામત કીજે રાજ ।
રતન જડિત કે મોહોલ મેં, કીજે રંગ વિલાસ ॥૧॥

આપ અકેલે હુજિયે, સંગ શ્યામાજી સાથ ।
હમ રુહેં બારે હજાર મિલ કે, ઝીલેં તુમ્હારે પાસ ॥૨॥

કુંજબન કી રેતી મેં, પિયા ચલો દોડિયે જાય ।
જો જાકો છુઈ લેત હે, સો તાકે હાથ બિકાય ॥૩॥

પિતાંબર કટિ કાછની કાછે, શીશ મુકટ લટકાયે ।
હેમ કસબ કી ઓઢની ઓઢે, ઝાંઝરી ઘૂંઘરી ઘમકાયે ॥૪॥

ફૂલબાગ ઔર નૂરબાગ મેં, ચલો બૈઠિયે જાય ।
લહરી આવે સુગન્ધ કી, વાસ રહી મહકાય ॥૫॥

બડેવન ઔર લાલ ચબૂતરા, ચલો બૈઠિયે જાય ।
પસુ પંખી કા મુજરા લેવેં, નયે નયે ખેલ દિખાય ॥૬॥

રસિક રાજ શ્યામાજી કે આગે, સખિયાં નૃત્ય કરાય ।
જાપર ચિતવત હેત સોં, દેખત નયન સિરાય ॥૭॥

હંસિ કે રાજ ખુશી ભયે, પહરાએ વનમાલ ।
સખી સાકુન્ડલ અરજ કરત હૈ, બલિ બલિ રાજકુમાર ॥૮॥

## આરતી ઉતારતાં પહેલાં બોલવાની સ્તુતિ : પૂર્ણબ્રહ્મ

'પૂર્ણબ્રહ્મ' સ્તુતિ દ્વારા આપણી આત્મા અક્ષરાતીત શ્રી પ્રાણનાથજીને પોતાના હૃદયકમળમાં આમંત્રિત કરે છે અને ત્યારબાદ આરતી ઉતારવામાં આવે છે. બોલતી વેળા રંગપરવાલી મંદિરમાં સ્થિત સિંહાસન પર બિરાજમાન યુગલ સ્વરૂપનું અથવા તો શ્રીપન્નાજી ચોપરા હવેલીમાં મહારાજ શ્રી છત્રસાલજીએ શ્રીજી તથા શ્રી બાઈજુરાજજી પ્રત્યે વ્યક્ત કરેલ ભાવનું ચિતવન કરવું. હે પ્રાણનાથ! આપ પૂર્ણબ્રહ્મ આનંદ સ્વરૂપ શ્રી શ્યામાજી સહિત, પરમધામની સર્વે નિધ લઈ અમ સખિયોની નિસબત જાણીને, ત્રિગુણી માયાના ફંદામાંથી બચાવવા પધાર્યા છો. હું આપ કૃપાવંત પર બલિહારી જાઉં છું.

પૂર્ણ બ્રહ્મ બ્રહ્મ સે ન્યારે, આનંદ અખંડ અપારે ।
શિવ સનકાદિક આદિ કે ઈછિત, શેષ ન પાવત પારે ॥૧॥

અગમ જાનિ કે નિગમ કહાયે, ખોજિ ખોજિ પચિ હારે ।
જાનિ કે મૂલ ધની અંગના અપની, સો ઘર આયે હમારે ॥૨॥

શ્રી ઠકુરાણીજી સખિયન સુધાં, લેકર સંગ પધારે ।
ત્રિગુન ફાંસ કે ફંદ પડે થે, સો ફંદા નિરવારે ॥૩॥

વારી વારી જાઊ મૈં અપને પિયાજી પર, શોભા મુખહૂં ન આવે ।
સિંઘાસન આસન બૈઠા રે, શ્રી છત્રસાલ ગુણ ગાવે ॥૪॥

## ચન્દન ચઢાવની

શ્રી પિયાજીનું પૂજન ચંદન, પુષ્પ, અક્ષત (ચોખા) આદિ પ્રતિકાત્મક શુધ્ધ તેમજ શ્રેષ્ઠ પદાર્થો અર્પણ કરી કરવું. પૂજન દરમ્યાન શ્રી રંગપરવાલી મંદિરનું અથવા તો ત્રીજી ભોમની પડસાલનું અથવા તો શ્રી પન્નાજી (શ્રી ઘુમ્મટજી, શ્રી બંગલાજી તથા શ્રી મહારાણીજી) મંદિર સેવાનું પ્રતિકાત્મક ચિતવન કરવું. સર્વ સુંદરસાથજી પ્રત્યે પણ ધામની નિસ્બત જાણીને આ અર્પણ ભાવ વ્યક્ત કરવો. ચંદન જમણા હાથની ટચલી આંગળીની બાજુવાળી આંગળી (અનામિકા)થી કરવું.

ચાલો સખી શ્રી સુન્દરવરજીને નિરખિયે, શ્રી શ્યામાજીને જોઇ જોઇ મન હરખિયે ।
શ્રી શ્યામાજીના અંગ હો સુંદરસાથ, નિરખિ હરખિ ઉમંગ ન માત ॥૧॥

સુન્દર સાથ બૈઠો ઘેરિ ઘેરિ, પરિકરમા તો દીજે ફેરિ ફેરિ ।
દીપક રંગ રે સિંહાસન, છત્રિ તો ડાંડે ઝાલર શોભા અતિઘન ॥૨॥

તાપર કંચન કલસ જો હોઈ, ઝલહલ જોત કરે રહે સોઈ ।
યે રે સિંહાસન જોત ન માવે, સખિયાં તો સનમુખ વાણી ગાવે ॥૩॥

શ્રી મંડલ નવરંગ બાઈજી કે હાથ, બેનબાઈ બેન બજાવે તિન સાથ ।
ઝરમરબાઈ ઝરમરિયાં જો બજાવે, તાનબાઈ તાનનિયાં જો મિલાવે ॥૪॥

સેનબાઈ સ્વર પુરાવે તિન સંગ, મન મેં તો ધરે અતિ ઉછરંગ ।
યે ઉછરંગ કહ્યો ન જાવે, સખિયાં તો પ્રેમ સહિત વાણી ગાવે ॥૫॥

શ્રી ચન્દન પુષ્પ બહુ વિધ રાજે, સુગંધ સર્વે મારા વાલાજીને છાજે ।
શ્રી પિયાજીને પૂજન ઈન વિધ કીજે, ફેર ફેર મૂલ સ્વરૂપ ચિત મેં લીજે ॥૬॥

જો કોઈ વાસના ઈન ઘર, મૂલ સ્વરૂપ સે ન કાઢે નજર ।
નહીં કોઈ સુખ ઈન સમાન, અંગના તો કોટી બેર કુરબાન ॥૭॥

## મંગલા આરતી :- સુખ કો નિધાન

ધામધણી શ્રી રાજજી મહારાજ અનંત વિધનાં અખંડ સુખોના ભંડાર છે. નિત્ય પ્રાતઃકાળે આ મંગલ આરતી દ્વારા, સુન્દરસાથજીએ પરમધામ રંગમોહોલની પાંચમી ભોમ રંગપરવાલી મંદિરમાં સિંહાસન પર બિરાજમાન નૂરી સ્વરૂપના ચિંતવન દ્વારા દર્શન કરવા. સૌ સખિયોની દૃષ્ટિ યુગલ સ્વરૂપની શોભામાં રમી રહી છે. તેવો અનુભવ સામૂહિક મંગલ આરતી દ્વારા કરવો.

સુખ કો નિધાન, જય જય સુખ કો નિધાન, મંગલ આરતી સુખ કો નિધાન ।
ઉઠિ બૈઠે સુખ સેજ્યા શ્રી રાજ, સંગ અર્ધાંગ અલી લિયે લાજ ॥૧॥
રૈનિ જગે રગ મગ દોઉ નૈના, બોલત બોલ મધુર મુખ બૈના ।
નિરખિ નિરખિ હરખેં બ્રહ્મસૃષ્ટિ, જુગલ પિયાજી સોં જોડે દૃષ્ટિ ॥૨॥
ઉઠિ બૈઠે દોઉ સેજ્યા સુખદાઈ, આરતી સાજિ શ્રી ઈન્દ્રાવતી લ્યાઈ ।
આરતી વારતી સખિયાં સર્વ અંગ, લેત વારણે નિજ નવરંગ ॥૩॥

## પરિક્રમા

જેની પરિક્રમા કરીએ તે કેન્દ્રમાં હોય. શ્રી સુંદરસાથજીના જીવન વર્તુળના કેન્દ્રમાં શ્રી રાજશ્યામાજી તથા શ્રી પરમધામ પચ્ચીસ પક્ષ છે. આપણું ચિત્ત હમેશાં તેમની ગિર્દવાય ફરતું રહે તે માટે અઠવાડિયાના સાત દિવસની

અલગ અલગ પરિક્રમા ગાયન તથા સેવા/મંદિર સ્થાનની ગોળ (ઘડિયાળના કાંટાની દિશામાં) ફરતા ફરતા કરવી.

## રવિવારની પરિક્રમા

જુગલ સરુપ રુપ છબિ છાજે, સિંહાસન કે ઉપર બિરાજે ॥૧॥
નાચત દેત ફિર આવત ફેરિ, હંસિ હંસિ લાલન મુખતન હેરી ॥૨॥
ગાવત ગીત બજાવત બાજે, જમુના ત્રટ પંખી ધુનિ ગાજે ॥૩॥
ફૂલે ફૂલ ફૂલ લઈ આવેં, ગુહિ ગુહિ હાર પિયાજી કો પહિરાવેં ॥૪॥
દેત પરિકરમા કર્મ સબ છૂટે, યહ સુખ પંચમ નિસદિન લૂંટે ॥૫॥

## સોમવારની પરિક્રમા

પૂરણ બ્રહ્મ સચ્ચિદાનંદ રુપ, સંગ શ્યામાજી સોહે અનુપ ॥૧॥
ચારોં ચરન સુંદર સુખ દાઈ, ભૂખન કી શોભા મુખ બરની ન જાઈ ॥૨॥
ઝાંઝરી ઘૂંઘરી કાંબી કડલા લેખે, અનવટ વિછુવા શ્રી શ્યામાજી વિસેખે ॥૩॥
નીલો હે ચરનિયા કેસરી ઈજાર, સ્વેત દાવન ઝાંઈ કરે ઝલકાર ॥૪॥
ચોલી શ્યામ જડાવ સાડી સેંદુરિયા રંગ રાજે, હૈયડે પર હાર શોભા અધિક વિરાજે ॥૫॥
જરી જામા શ્વેત જડાવ અંગ સોહે, નીલો પીલો પટુકા દેખત મન મોહે ॥૬॥
જામે પર ચાદર રંગ આસમાની, છેડે કિનાર બેલી જાય ન બખાની ॥૭॥
જરી પાગ સેંદુરિયા જગ મગ જોત, રાખડી કલંગી કહી જાય ન ઉદ્યોત ॥૮॥
શબ્દાતીત પિયા શોભા હૈ અપાર, શ્રી મહામતિ અંગના જાય બલિહાર ॥૯॥

## મંગળવારની પરિક્રમા

ધામધની શ્રી રાજ હમારે, પરમ નિધાન પરમ રુપ પ્યારે ॥૧॥
મહારાજ મંગલ રુપ રાજે, શ્યામ શ્યામાજી દોઉ અનુપ વિરાજે ॥૨॥
પૂરણ અક્ષર પદ સે ન્યારે, સોઈ જિયાવર ધનીજી હમારે ॥૩॥
પ્રગટે પિયા નિજ અદ્‌ભૂત સોઈ, ઉપમા પાર પાવે નહિ કોઈ ॥૪॥

પરમાનન્દ જોડી સુખકારી, અંગના પિયા પર વારી વારી વારી ॥૫॥

## બુધવારની પરિક્રમા

પરમ સુભગ આનન્દ ગુણ ગાઈએ, નવલ કિશોર નિરખિ સુખ પાઇએ ॥૧॥
ધામ સ્યામ જિયા મંગલકારી, સંગ શ્યામાજી દુલહિન પિયા પ્યારી ॥૨॥
કુંજ નિકુંજ મધ્ય ક્રીડત કોહે, લલિત મનોહર સુંદર સોહે ॥૩॥
કરત કેલિ યમુના તટ નેરે, પરમ વિચિત્ર જિયાવર મેરે ॥૪॥
નિજ હૈ સ્વરુપ રુપ પિયા રાજે, શ્રી મહામતિ મદન કોટ્ટિ છબિ લાજે ॥૫॥

## ગુરુવારની પરિક્રમા

ધામ શ્યામ શ્યામા સંગ પ્યારી, બ્રહ્માનંદ લીલા નિજ ન્યારી ॥૧॥
સાત ઘાટ જમુના જલ રાજે, ઝીલત યુગલ કિશોર વિરાજે ॥૨॥
સઘન કુંજ મધ્ય ચાતક બોલે, ક્રીડત લાલ લાડિલી ડોલે ॥૩॥
તાલ પાલ મધ્ય મોહોલ સુહાયે, ખેલન પ્યારો પ્યારી આવે ॥૪॥
લીલા નિત્ય વિહાર સ્વરુપ પર, ભઈ શ્રી મહામતિ કુરબાન નિરખિ છબિ ॥૫॥

## શુક્રવારની પરિક્રમા

પ્રથમ ભોમ શોભા અતિ ભારી, બૈઠે સિંહાસન શ્રી યુગલ બિહારી ॥૧॥
સિંહાસન કંચન મણિ સોહે, નિરખિ હરખિ સખિયાં મન મોહે ॥૨॥
સખિયાં સર્વે શોભા અતિ સુન્દર, ચૌસઠ થંભ તકિયોં કે અન્દર ॥૩॥
વસ્તર ભૂખન તેજ અતિ જોર, તા મધ્ય બૈઠે શ્રી યુગલ કિશોર ॥૪॥
યુગલ કિશોર શોભા કિન વિધ ગાઈયે, શ્રી મહામતિ યુગલ પર વારી વારી જાઈયે ॥૫॥

## શનિવારની પરિક્રમા

મૂલ સરુપ કિશોર કિશોરી, નિરખી સખી સચ્ચિદાનંદ જોરી ॥૧॥
ભોમ તલે કી નિરખી છબિ ન્યારી, સોહે સિંહાસન પ્યારો પ્યારી ॥૨॥
શ્વેત સેંદુર કેસર આસમાની, શ્યામ નીલો પીલો વસ્તર જામી ॥૩॥

દેખત ખેલ સનમુખ સખી સારી, નિરખી સિનગાર શોભા અતિભારી ॥૪॥
બ્રહ્માનંદ લીલા નિજ ન્યારી, નિરખિ શ્રી મહામતિ નવરંગ વારી ॥૫॥

## પ્રાતઃકાલનું સ્વરૂપ

શ્રી પરમધામ રંગમહોલ પ્રથમ ભોમ મૂલમિલાવામાં કંચન રંગી સિંહાસનની શોભાનું તથા શ્રી રાજજી તેમજ શ્રી શ્યામાજીના વસ્ત્રાભૂષણની શોભાનું વર્ણન ગાતા ગાતા નૂરી સ્વરૂપનું ચિતવન કરવું.

કોટાન કોટ દંડવત્ કરું, કોટાન કોટ કરું પ્રણામ । કોટાન કોટ વિનતી કરું, ધણી મેરે સુંદરવર શ્યામાજી વર શ્યામ ॥ શ્રી રાજ શ્રી ઠકુરાણીજી, પ્રથમ ભોમ મેં બિરાજમાન ભયે । તહાં કંચન રંગ કો સિંહાસન, તિનકે છે પાયે છે ડાંડે । એક એક ડાંડે મેં દસ દસ રંગ જવેરોં કે ઝલકત હૈં । દો છત્રી દો સરુપોં કે ઉપર, દો ફૂલ લાલ માણિક કે, કમલ કે સી નીલવી કી પાંખડી, છત્રી કે ચારોં તરફોં જવેરોં કી ઝાલર । છે ડાંડો પર છે કલસ, દો કલસ દોઉ છત્રિયોં કે ઉપર, યે આઠોં કલસ હેમ કે, ઉતરતી કાંગરી, પશમી બિછૌના, એક ગાદી, દોય ચાકલે, પાંચ તકિયે । શ્રી રાજ શ્રી ઠકુરાણીજી, દો ચાકલે પર બિરાજમાન ભયે । કૈ ચાકલે ચિત્રકારી, તાપર બૈઠે શ્રી યુગલ બિહારી । દોઊ સરુપ ચિત્ત મેં લીજે, ફેર ફેર આત્મા કો દીજે । આત્માસે ન્યારે ન કીજે અધ ખિન, ફેર ફેર કીજે દરસન । પહલે અંગુરી નખ ચરન, મસ્તક લોં કીજે વર્ણન । સબ અંગ વસ્તર ભૂખન, શોભા જાને આત્મા કી લગન । સુંદર શ્રી ઠકુરાણીજી કો સિનગાર-સેંદુરિયા રંગ જડાવ કી સાડી, શ્યામ રંગ જડાવ કી કંચુકી, નીલી લાહિકો ચરણિયા । શ્રી રાજજી કો સિનગાર-સેંદુરિયા રંગ જડાવ કો ચીરા, આસમાની રંગ જડાવ કી પિછૌરી, નીલો ન પીલો બીચ કે રંગ કો પટૂકા,

કેસરિયા રંગ જડાવ કી ઈજાર, સ્વેત રંગ જડાવ કો જામા । શ્રી યુગલ સ્વરુપ કો મૂલ વાગો, અદ્વૈત કી લાઠી હાથ મેં લેકે સબ સાથ કો પ્રણામ ।

## છોટી અરજી

માયાના અથાહ મોહસાગરમાંથી આત્માને હેમખેમ બહાર કાઢી તેના સર્વે અવગુણો માફ કરી ધણીજી, પોતાના ચરણોમાં રાખે એ વિનમ્ર અરજી અહીં વિનંતી કરવામાં આવેલ છે. નિત્ય પ્રતિ સુંદરસાથે અંગના ભાવે પોતાના અખંડ ધણી સમક્ષ અનન્ય પ્રેમ સંબંધના નાતે વિવિધ ભાવનાઓને જે રીતે હૃદયના ઊંડાણમાંથી પ્રવાહિત કરતા રહેવાની છે, તે અરજી દ્વારા પ્રકાશિત થાય છે. દરરોજ સવારે, શ્રી મુખવાણી ચર્ચાના અંતે તથા સતસંગ દરમ્યાન (વિશેષ રૂપે 'પિયાજી તુમહો તૈસી') અરજી ગાવામાં આવે છે.

નિસદિન ગ્રહિએ પ્રેમ સોં, શ્રી જુગલ સ્વરુપ કે ચરન ।
નિર્મલ હોના યાહી સોં, ઔર ધામ બરનન ॥૧॥

ઈન વિધ નરક સે છુટિએ, ઔર ઉપાય કોઈ નાહેં ।
ભજન બિના સબ નરક હે, પચિ પચિ મરિએ માહેં ॥૨॥

આતમ ધની પેહેચાનિએ, નિર્મલ એહી ઉપાએ ।
શ્રી મહામતિ કહે સમઝ ધની કે, ગ્રહિએ સો પ્રેમેં પાએ ॥૩॥

શ્રી મહામતિ કહે મેહેબૂબજી, અબ દીજે પટ ઉડાએ ।
નૈના ખોલ કે અંક ભર, લીજે દુલ્હા કંઠ લગાએ ॥૪॥

ગુણ અવગુણ જેતે કિએ, કિએ જો પીછલે જૌન ।
સાહેબ સોં સાંચા રહે, સાથી સાચો તૌન ॥૫॥

અવગુણ કાઢે ગુણ ગ્રહે, હારે સે હોએ જીત ।
સાહેબ સે સનમુખ સદા, બ્રહ્મસૃષ્ટ એ રીત ॥૬॥

એ સુખ શબ્દાતીત કે, ક્યોં કર આવે જુબાન ।
બાલે સે બુઢાપેં લગ, મેરે સિર પર ખડે સુભાન ॥૭॥
નજર સે ન કાઢી મુજે, અવ્વલ સે આજ દિન ।
ક્યોં કર કહૂં મેહેર મેહેબૂબ કી, જો કરત ઉપર મોમિન ॥૮॥
કોઈ દેત કસાલા તુમકો, તુમ ભલા ચાહિયો તિન ।
સરત ધામ કી ન છોડિયો, સુરત પીછે ફિરાઓ જિન ॥૯॥
શ્રી મહામતિ કહે પીછે ન દેખિએ, નહીં કિસી કી પરવાહે ।
એક ધામ હિરદે મેં લેય કે, ઉડાએ દે અરવાહે ॥૧૦॥
શ્રી મહામતિ કહે અરવાહેં અર્સ સે, જો કોઈ આઈ હોએ ઉતર ।
સો ઈન સરુપ કે ચરણ લેય કે, ચલિએ અપને ઘર ॥૧૧॥
હમ તો હાથ હુકમ કે, હક કે હાથ હુકમ ।
ઈત હમારા પિયાજી ક્યા ચલે, જ્યોં જાનો ત્યોં કરો ખસમ ॥૧૨॥
તુમ તુમારે ગુણ ના છોડે, મેં તો કરી બહુત દુષ્ટાઈ ।
મૈં તો કરમ કિએ અતિ નીચે, પર તુમહીં રાખી મૂલ સગાઈ ॥૧૩॥
જાનો તો રાજી રખો, જાનો તો દલગીર ।
યા પાક કરો હાદીપના, યા બૈઠાઓ માહેં તકસીર ॥૧૪॥

## અરજી

પિયાજી તુમ હો તેસી કીજિયો, મૈં અર્જ કરું મેરે પિઉજી ।
હમ જૈસી તુમ જિન કરો, મેરા તલફ તલફ જાએ જીઉ જી ॥૧૫॥
જીવરા તો જીવે નહીં, ક્યોં મિટે દિલ કી પ્યાસ જી ।
તુમ બિના મૈં કિનસોં કહૂં, તુમ હો મેરી આસ જી ॥૧૬॥

આસ બિરાની તો કરું, જો કોઈ દૂસરા હોય જી ।
સબ વિધ પિયા જી સમરથ, દિન રૈન જાત હૈ રોએ રોએ જી ॥૧૭॥

જન્મ અંધી જો મૈં હુતી, સો ક્યોં દેખું નીકે કર જી ।
જબ તુમ આપ દિખાઓગે, તબ દેખૂંગી નૈન નજર જી ॥૧૮॥

એ પુકાર પિયા જી સુન કે, ઢીલ કરો અબ જિન જી ।
ખિન ખિન ખબર લીજિએ, મૈં અર્જ કરું દુલહિન જી ॥૧૯॥

એતી અર્જ મૈં તો કરું, જો આડી ભઈ અન્તરાએ જી ।
સો આડી અન્તરાએ ટાલિ કે, દુલહા લીજે કંઠ લગાએ જી ॥૨૦॥

કંઠ લગાઈએ કંઠ સોં, પિયા જી કીજે હાંસ વિલાસ જી ।
વારણે જાએ શ્રી ઈંદ્રાવતી, પિયાજી રાખો ચરનોં કે પાસ જી ॥૨૧॥

તુમ દુલ્હા મૈં દુલ્હની, ઔર ન જાનોં બાત જી ।
ઈશ્ક સોં સેવા કરું, સબ અંગો સાખ્યાત્ જી ॥૨૨॥

સદા સુખ દાતા ધામ ધની, મૈં કહા કહૂં કિનસો બાત જી ।
શ્રી મહામતિ યુગલ સરુપ પર, અંગના બલિ બલિ જાત જી ॥૨૩॥

શ્રી શ્યામાજી કો સ્વરુપ, ધની શ્રી દેવચંદ્રજી નામ ।
મૈં બંદી અવગુણ ભરી, તુમ ગુણ ભરે નિદાન ।
અરશ દિલકો સેજદા કરું, વાહેદત કો પ્રણામ ।
સમસ્ત સુંદરસાથજી કો કોટાન કોટ પ્રણામ ।
બોલો શ્રી પ્રાણનાથ પ્યારે કી જય ।
શ્રી સતગુરુ મહારાજ કી જય ।
શ્રી સુંદરસાથ કી જય ।

# ત્રીજી ભોમનો ભોગ

શ્રી રંગમહોલ ત્રીજી ભોમની પડસાલમાં થતી પ્રાતઃકાલિન બ્રહ્માનંદ લીલાનું અહીં આ ભોગમાં આબેહૂબ વર્ણન છે. સુંદરસાથજીએ ત્રીજી ભોમની આ શોભા સમજી લઈ તેમાં વર્ણિત વિવિધ ભાવનાત્મક ક્રિયાઓ તેમજ પ્રતિક્રિયાઓનું ગાતાં ગાતાં ચિંતવન કરી પરમધામની આનંદ મસ્તી લૂંટતા રહેવું. પાંચમી ભોમ રંગપરવાલી મંદિરથી મંગલા આરતી બાદ શ્રી રાજશ્યામાજી તથા સખીઓ ત્રીજી ભોમમાં પધારે છે. સર્વ પ્રથમ શ્રી રાજશ્યામાજી ચાંદની ચોકમાં એકત્રિત પરમધામનાં સર્વ પશુપક્ષીઓને દર્શન આપે છે તથા સંપૂર્ણ વનરાજીને અમીરસ સીંચે છે. ચાર ચાર સખીઓ શ્રી રાજજી તેમજ શ્રી શ્યામાજીને તથા અન્ય સખીઓ પરસ્પર એકબીજાને મનભાવન શ્રૃંગાર તેમજ વસ્ત્રાભૂષણ પહેરાવવાની સેવા કરે છે. ઈશ્ક આનંદના નશામાં ચૂર સખીઓ લટકમટકતી ચાલે, મધુર વાણી ઉચ્ચારણ કરતા, હાથ-પગનાં આભૂષણોની ઝણકાર કરતાં, એકબીજાનાં કંઠમાં હાથ નાખી પરસ્પર હાંસ-વિનોદ કરતી, ફલાંગો દઈ કૂદતી, એકબીજીને હડસેલતી, જળની લહેરોની જેમ, ભમરી ફરતાં ફરતાં શ્રી રાજશ્યામાજીનાં ચરણોમાં આવી પ્રેમપૂર્વક પ્રણામ કરે છે.

તીજી ભોમ કી જો પડસાલ, ઠૌર બડે દરવાજે વિસાલ ।
ધની આવત હૈં ઉઠ પ્રાતઃ, વન સીંચત અમૃત અઘાત ॥૧॥

પસુ પંખી કા મુજરા લેવેં, સુખ નજરોં સબોં કો દેવેં ।
પીછે બૈઠ કરેં સિનગાર, સખિયાં કરાવેં મનુહાર ॥૨॥

શ્રી શ્યામાજી મન્દિર ઔર, રંગ આસમાની હૈ વા ઠૌર ।
ચાર ચાર સખિયાં સિનગાર કરાવેં, શ્રી શ્યામાજી ધનીજી કે પાસે આવેં ॥૩॥

શોભા ક્યોં કર કહૂં યા મુખ, ચિત મેં લિયે હોત હૈ સુખ ।
ચિત દે દે સમારત સેંથી, હેત કર કર બેની ગૂંથી ॥૪॥

મિનોં મિને સિનગાર કરાવે, એક દૂજી કો ભૂખન પેહેરાવેં ।
સાથ સિનગાર કરકે આવેં, જૈસા ધનીજી કે મન ભાવેં ॥૫॥

સૈયાં લટકતિયાં કરેં ચાલ, જ્યોં ધની મન હોત રસાલ ।
સૈયાં આવત બોલે બાની, સંગ એક દૂજી પે સ્યાની ॥૬॥

સૈયાં આવત કરે ઝનકાર, પાએ ભૂખન ભોમ ઠમકાર ।
ઝલકતિયાં રે મલપતિયાં, રંગ રસ મૈં ચૈન કરતિયાં ॥૭॥

કંઠ કંઠ મેં બાહોં ધરતિયાં, ચિત એક દૂજી કો હરતિયાં ।
સુંદરિયાં રે શોભતિયાં, એક દૂજી કો હાંસ હંસતિયાં ॥૮॥

કઈ ફલંગ દે ઉછલતિયાં, કઈ ફૂલ લતા જો ફેરતિયાં ।
કઈ હલકે હલકે હાલતિયાં, કઈ માલતિયાં મચકતિયાં ॥૯॥

કઈ આવત હૈં ઠેલતિયાં, જુત્થ જલ લેહેરાં જ્યોં લેવતિયાં ।
કઈ આવેં ભમરી ફિરતિયાં, એક દુજી પર ગિરતિયાં ॥૧૦॥

કઈ સીધિયાં સલકતિયાં, કઈ વિધ આવેં જો ચલતિયાં ।
સખી એક દુજી કે આગે, આએ આએ કે ચરણોં લાગે ॥૧૧॥

ઈત બડા મિલાવા હોઈ, જુદી રહે ન યા સમેં કોઈ ।
કોઈ છજ્જોં કોઈ જાલિએ, કોઈ મોહોલોં કોઈ માલિએ ॥૧૨॥

ઈત ચાર ઘડી લો શ્રી રાજ બૈઠે, મેવા મીઠાઈ આરોગ કે ઉઠેં ॥

## અચવન

અચવન કીજે કૃપા નિધાન, સુન્દર અચવન કીજે પરમ નિધાન ॥ટેક॥
એક સખી જમુના જલ લે આઈ, દુજી લાઈ ખરિકા પાન ॥૧॥
કાથો સુપારી ચૂના લવંગ ઈલાયચી, બીડી વાલી ચતુર સુજાન ॥૨॥
આપ પાય સખિયન કો દીજે, શ્રી છત્રસાલ કુરબાન ॥૩॥

## પાન બીડા

આરોગ્યા રસ રુપ યુગલ ધની, બીડી તો સુન્દર લીધી રે ।
કર સિનગાર સિંહાસન ઉપર, સિનગાર આરતી કીધી રે ॥૧॥
ચહૂં ઓર રુહેં મિલ મિલ ગાવેં, શ્રી રાજના મન મોહે રે ।
આજ હમારે ઘેર આનંદ ઉચ્છવ, દીપ દિવાલી સોહે રે ॥૨॥
આજ રંગની રેલ વહી, મારો વાલોજી મન્દિર વસિયા રે ।
શ્રી ઈંદ્રાવતી પતિ રુપ યુગલ પિયા, નવરંગ ના પિઉ રસિયા રે ॥૩॥

## દાહિની તરફ દૂજા જો મંદિર

શ્રી રાજશ્યામાજી ભોજન કરીને ત્રીજી ભોમની પડસાલની દક્ષિણ દિશામાં બીજા નંબરના નીલા-પીલા રંગના મંદિર આગળ પધાર્યા છે. અહીં થોડો આરામ કરી શ્રી યુગલ સ્વરુપ આ મંદિરના દ્વાર સન્મુખ બહાર છજ્જાને લગતા ગોઠવાયેલ સિંહાસન પર ઝરૂખાને પીઠ દઈ બિરાજમાન થાય છે. નવરંગબાઈનું નૃત્ય મધુર સંગીત ગાયન સહિત થઈ રહ્યુ ંછે. આ સમયે અક્ષર ભગવાન પણ નિત્યક્રમ પ્રમાણે દર્શન કરવા આવે છે અને પુનઃ પોતાના ધામ - અક્ષરધામ પધારે છે. સુંદરસાથજીએ આ પ્રેમલીલાનું ચિંતવન કરતાં કરતાં પરમધામમાં હોવાનો અનુભવ કરવો.

દાહિની તરફ દુજા જો મન્દિર, આએ બૈઠે તાકે અન્દર ॥
નીલા ને પીલા રંગ, તાકી ઉઠત કઈ તરંગ ।
દોઊ રંગો કી ઉઠત ઝાંઈ, ઈન મન્દિરોં દિવાલોં કે તાંઈ ॥૧॥

પૈઠતે દાહિને હાથ જાંહી, સેજ્યા હૈ યા મન્દિર માંહી ।
કઈ જિનસ જડાવ સિંહાસન, રાજ શ્યામાજી કે દોઉ આસન ॥૨॥

ઝરોખે કો પીઠ દેવેં, બૈઠે દ્વાર સનમુખ લેવેં ।
સંગ સખિયાં કેતિક વિરાજે, યા સમેં શ્રી મંડલ બાજે ॥૩॥

નવરંગ બાઈ જો બજાવેં, મુખ બાની રસીલી ગાવેં ।
ઈત બાજત બેન રસાલ, બેનબાઈ ગાવેં ગુન લાલ ॥૪॥

સખી એક નિકસેં એક પૈઠેં, એક આવેં ઉઠેં એક બૈઠેં ।
ઈન સમેં ભગવાનજી ઈત, દરસન કો આવેં નિત ॥૫॥

ઝરોખે સામી નજર કરેં, પ્રણામ કરકે પીછે ફિરેં ।
ઈત ઔર ના દૂજા કોએ, સરુપ એક હૈ લીલા દોએ ॥૬॥

ભગવાનજી ખેલત બાલ ચરિત્ર, આપ અપની ઈચ્છા સોં પ્રકૃત ।
કોટ બ્રહ્માંડ નજરોં મેં આવેં, ખિન મેં દેખકે પલ મેં ઉડાવેં ॥૭॥

ઔર એ તો લીલા કિશોર, સૈયાં સુખ લેવેં અતિ જોર ।
એ લીલા સુખ કેતા કહૂં, યાકો પાર પરમાન ન લહૂં ॥૮॥

ઈત ખેલત જુત્થ સૈયન, સદા આનંદ ઈન વતન ।
મિને રાજ શ્યામાજી દોય, સુખ યાહિ આતમ સબ કોય ॥૯॥

રસ પ્રેમ સરુપ હે ચિત, કઈ વિધ રંગ ખેલત ।
બુધ જાગ્રત લે જગાવતી, સુખ મૂલ વતન દેખાવતી ॥૧૦॥

પ્રેમ સાગર પૂર ચલાવતી, સંગ સૈયોં કો ભી પિલાવતી ।
પિયાજી કહે ઈન્દ્રાવતી, તેજ તારતમ જોત કરાવતી ॥૧૧॥

તાસોં શ્રી મહામતિ પ્રેમ લે તૌલતી, તિન સોં ધામ દરવાજા ખોલતી ।
સૈયાં જાનેં ધામ મેં પૈઠિયાં, એ તો ઘર હી મેં જાગ બૈઠિયાં ॥૧૨॥

## શ્રી નિજાનંદ સંપ્રદાય પધ્ધતિ

